# માંગલિક

અરિહા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં વરિયે;
ધમ્મો શરણં પામી વિનયે, જિનઆજ્ઞા  શિર ધરીયે.

અરિહા શરણં મુજને હોજો, આતમ શુદ્ધિ કરવા;
સિદ્ધા શરણં મુજને હોજો, રાગદ્વેષને હણવા.

સાહુ શરણં મુજને હોજો, સંયમ શૂરા બનવા;
ધમ્મો  શરણં મુજને હોજો, ભવોદધિથી તરવા.

મંગલમય ચારેનાં શરણાં, સઘળી આપદા ટાળે;
ચિદઘન કેરી ડૂબતી નૈયા, શાશ્વત નગરે વાળે.

12-30-2018